# દેશમાં લોકડાઉન વધુ બે સપ્તાહ લંબાવાયું



**૧૭મી મે સુધી લોકડાઉન યથાવતરીતે જારી રાખવાનો નિર્ણય : દેશને ૭૩૩ ઝોનમાં વહેંચાયુ : ૧૩૦ રેડ, ૨૮૪ ઓરેન્જ અને ૩૧૯ જિલ્લાને ગ્રીન ઝોન જાહેર કરાયા : સ્કુલ, કોલેજ અને અન્ય શૈક્ષણિક કાર્ય બંધ રહેશે**

નવીદિલ્હી, તા. ૧

લોકડાઉનની અવધિ ફરીવાર બે સપ્તાહ માટે લંબાવી દેવામાં આવી છે. દેશભરમાં રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વહેંચવામાં આવ્યા છે. ગ્રીન ઝોનમાં તમામ મોટી આર્થિક ગતિવિધિઓને મંજુરી આપી દેવામાં આવી છે. નવા આદેશ મુજબ ગ્રીન ઝોનમાં બસો રસ્તો પર દોડી શકે છે પરંતુ બસોની ક્ષમતા ૫૦ ટકાથી વધુ રાખી શકાશે નહીં. જેમ કે બસમાં ૫૦ સીટની વ્યવસ્થા છે તો તેમાં ૨૫થી વધુ યાત્રી યાત્રા કરી શકશે નહીં.આવી જ રીતે ડેપોમાં પણ ૫૦ ટકાથી વધુ કર્મચારીઓ કામ કરી શકશે નહીં. ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, સમગ્ર દેશને ૭૩૩ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે જેમાં ૧૩૦ રેડ ઝોન, ૨૮૪ ઓરેન્જ ઝોન જ્યારે ૩૧૯ ગ્રીન ઝોન જાહેર કરવામાં આવ્યા છે. ગ્રીન ઝોનના જિલ્લામાં સલુન સહિત અન્ય જરૂરી સેવાઓ અને વસ્તુઓનો વેપાર કરનાર સંસ્થાન ચાર મેથી ખોલી દેવામાં આવશે સિનેમા હોલ, મોલ, જિમ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સહિતની સેવાઓ બંધ રહેશે. ઓરેન્જ ઝોનમાં બસ પરિવહનમાં છુટછાટ રહેશે નહીં પરંતુ કેબની સેવાને મંજુરી આપવામાં આવી છે. કેબમાં ડ્રાઈવર સાથે એક જ પેસેન્જર બેસી શકે છે. ઓરેન્જ ઝોનમાં ઈન્ડસ્ટ્રિયલ એક્ટિવિટીઝ શરૂ કરી શકાશે અને કોમ્પ્લેક્ષ પણ ખોલી શકાશે. રેડ ઝોનમાં હેર સલૂન સહિતની સેવા બંધ રહેશે. વિસ્તૃત જાનકારી ગૃહ મંત્રાલય તરફથી જારી

● અનુસંધાન પાન-૭ પર

**બધી બાબતો અવળી પડતી હોય ત્યારે, હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે અમને શીખવ**

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૫૨ | ૨ મે, ૨૦૨૦, શનિવાર; વૈશાખ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## લોકડાઉનમાં ફસાયેલા માટે સ્પેશિયલ ટ્રેનો દોડાવાશે

નવીદિલ્હી, તા. ૧

લોકડાઉનના કારણે અલગ અલગ રાજ્યમાં ફસાયેલા લોકો માટે ખુબ જ રાહતના સમાચાર આવ્યા છે. કેન્દ્ર સરકારે તેમના માટે સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની મંજુરી આપી દીધી છે. શુક્રવારે વડાપ્રધાન આવાસ પર મળેલી બેઠકમાં આ અંગે નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ગૃહમંત્રી અમિત શાહ, રેલવેમંત્રી પીયુષ ગોયલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, કેબિનેટ સચિવ રાજીવ ગૌબા અને વડાપ્રધાનના સચિવ પીકે મિશ્રા ઉપસ્થિત રહ્યા હતા. દેશમાં સતત કોરોના વાયરસનાં દર્દીઓના આંકડામાં વધારો થઈ રહ્યો છે. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે દેશમાં લોકડાઉન લાગુ છે. આ તરફ લોકડાઉનમાં ફસાયેલા લોકોને ટ્રેનો દ્વારા તેમના ગૃહરાજ્ય સુધી પહોંચાડવા દેવાની પરવાનગી મોદી સરકાર દ્વારા આપવામાં આવી છે. ગૃહમંત્રાલયે ફસાયેલા વિદ્યાર્થીઓ અને મજુરોને તમામ સુરક્ષીત ઉપાયો સાથે લઈ જવા માટે સ્પેશ્યલ ટ્રેનને ચલાવવા માટેની આજે પરવાનગી આપી દીધી છે.



**વડાપ્રધાન આવાસ પર મળેલી બેઠકમાં મહત્વનો નિર્ણય : લોકડાઉમાં ફસાયેલા શ્રમિકો-વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ ટ્રેન દોડાવવા મોદી સરકારે મંજુરી આપી : બેઠકમાં અમિત શાહ, પીયુષ ગોયેલ, રાવત હાજર**

## ગામડે-ગામડે તેમજ ઘરે-ઘરે હવે કોરોના ચકાસણી કરાશે

**કોરોની લડાઈ હવે બીજા ચરણમાં પહોંચી ચુકી છે : પંચાયતથી લઇને પોલીસ સ્ટેશન વિસ્તાર સુધી કન્ટેનમેન્ટ ઝોન બની શકે છે : આગામી દોર માટેની રૂપરેખા તૈયાર**

નવી દિલ્હી, તા. ૧

કોરોના વાયરસ સામેની લડાઈ હવે બીજા ચરણમાં પહોંચી ચુકી છે. કેન્દ્ર સરકારે આગામી દોરની લડાઈ માટેની રુપરેખા પણ તૈયાર કરી લીધી છે જેની ઝલક આજે પ્રેસ કોન્ફરન્સમાં જોવા મળી હતી. આગામી ચરણની રણનીતિ અંતર્ગત છોટે શહરો, ગામોમાં સંભવિત સંક્રમિતોને શોધી કાઢવા, તેમના સંપર્કમાં આવેલા લોકોની શોધખોળથી લઈને તેમની સારવાર સુધી કઠોર વ્યવસ્થા કરવામાં આવનાર છે.

સ્વાસ્થ્ય મંત્રાલય કે સંયુક્ત સચિવ લવ અગ્રવાલ આ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, હવે ગામ-ગામમાં કન્ટેનમેન્ટ ઝોનની ઓળખ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૩૩૯૦૧૨ | ૨૩૫૬૫૫ | ૯૦૨૩૧૨ |
| ભારત | ૩૭૨૩૩ | ૧૨૧૩ | ૯૮૩૦ |
| ગુજરાત | ૪૭૧૩ | ૨૩૬ | ૭૩૬ |
| ગાંધીનગર | ૪૯ | ૦૩ | ૧૪ |

## દેશમાં નવા ૧૯૯૩ પોઝિટિવ કેસ

**કુલ સંક્રમિતોનો આંકડો ૩૫ હજારને પાર : વધુ ૭૩ના મોત : મૃત્યુઆંક ૧૧૪૭એ પહોંચ્યો**

ન્યુ દિલ્હી,તા.૧

દેશમાં કોરોનાનો કહેર યથાવત છે અને દરરોજ નવા કેસોની સંખ્યામાં વધારો નોંધાતો જોવા મળે છે. કોરોના વાયરસનો કાળમુખા પંજામાં દેશના મોટાભાગના વિસ્તારો આવી ગયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે આપેલી માહિતી મુજબ દેશમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૩૫,૦૦૦ને પાર થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૯૯૩ નવા પોઝિટિવ કેસ નોંધાતા કોરોનાના કુલ કેસો ૩૫,૦૪૩ થઈ ગયા છે. એક દિવસમાં દેશમાં ૭૩ લોકોના મોત થયા હોવાથી અત્યાર સુધીમાં કુલ ૧,૧૪૭ મરણ થયા છે.

કોરોના સામે દેશના તબીબો સંપૂર્ણ તાકાત લગાવી રહ્યા છે. હોસ્પિટલોમાં દર્દીઓની સારવારમાં પુરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. દેશમાં કોરોના વાયરસ સામે જંગ જીતીને સાજા થનારાની સંખ્યા વધીને ૮૮૮૯ થઈ છે. રિકવરી રેટ ૨૫.૩૬ ટકા થયો છે. આ બાજુ મહારાષ્ટ્રમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૯૯૧૫ થઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહારાષ્ટ્રમાં ૫૮૩ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે ૨૭ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસથી ૪૩૨ લોકોએ જીવ ગુમાવ્યાં છે.

હવે શીખ તીર્થયાત્રી કોરોના વાઈરસનો શિકાર બની રહ્યા છે. જેમાં મહારાષ્ટ્રના નાદેડ હજૂર સાહિબથી પાછા આવેલા ૧૪૮ તીર્થયાત્રી સામેલ છે. ૧૪૮ શીખ યાત્રીઓમાંથી ૭૬ અમૃતસરમાં, ૩૮ લુધિયાણા અને ૧૦ મોહાલીમાં કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૩,૫૦૦ તીર્થયાત્રિ નાંદેડથી પંજાબ પહોંચ્યા છે.

## છેલ્લે... છેલ્લે...

- મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં સૌથી વધુ કેસ ૧૦૦૮ નોંધાયા.
- કેરળમાં આજે એકપણ કેસ નોંધાયો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશમાં સૌપ્રથમ કેસ કેરળમાં નોંધાયો હતો.
- મારૂતિ સુઝુકીએ એપ્રીલ માસમાં એકપણ કારનું વેચાણ કર્યું નથી.
- ન્યૂઝપેપર ઈન્ડસ્ટ્રીઝને ૧૫ હજાર કરોડનું નુકાસન થયું છે. જે માટે આર્થિક પેકેજ આપવા ઈન્ડિયન ન્યુઝ પેપર સોસાયટીએ માંગણી કરી છે.
- મહારાષ્ટ્રમાં પ્લાઝમા થેરપીથી સારવાર લેનારા પહેલા કોરોના પોઝિટિવ દર્દીનું મોત.
- દેશમાં સૌથી વધુ કેસો ધરાવતો રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૧૫૦૬ |
| ગુજરાત | ૪૭૨૧ |
| દિલ્હી | ૩૭૩૮ |
| મધ્યપ્રદેશ | ૨૭૧૫ |
| રાજસ્થાન | ૨૬૪૨ |
| તામીલનાડુ | ૨૫૨૬ |
| ઉત્તરપ્રદેશ | ૨૩૨૮ |
| આધ્રપ્રદેશ | ૧૪૬૩ |
| તેલંગણા | ૧૦૪૪ |

## અમેરિકામાં કોરોના કેસોની સંખ્યામાં ચિંતાજનક વધારો

**અમેરિકામાં મોતનો આંકડો વધીને ૬૩૮૭૧ થયો રિકવર કેસોની સંખ્યા વધીને ૧૫૫૭૩૭ ઉપર પહોંચી**

વોશિંગ્ટન,તા. ૧

સમગ્ર દુનિયામાં સૌથી પ્રભાવિત દેશોની વાત કરવામાં આવે તો અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ અને યુકેનો સમાવેશ થાય છે. કોરોનાની સૌથી વધુ અસર અમેરિકામાં થઈ છે. અમેરિકામાં હજુ સુધી ૧૦ લાખથી પણ વધારે કેસો નોંધાઈ ચુક્યા છે. અમેરિકામાં કેસોની સંખ્યા ૧૦૯૧૩૦૪ ઉપર પહોંચી ચુકી છે. અમેરિકામાં આજે નવા કેસ સપાટી ઉપર આવ્યા હતા જ્યારે મોતનો આંકડો વધીને ૬૩૮૭૧ પર પહોંચી ચુક્યો છે.

અમેરિકામાં સતત કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તંત્ર દ્વારા લેવામાં આવેલા પગલા પણ નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. અમેરિકામાં રિકવર થયેલા લોકોની વાત કરવામાં આવે તો તેમાં પણ વધારો થઈ રહ્યો છે. આંકડો ૧૫૫૭૩૭ પહોંચી ચુક્યો છે. એક્ટિવ કેસોમાં પણ વધારો થઈ રહ્યો છે. એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૮૭૫૬૯૬ ઉપર પહોંચી ચુકી છે. અમેરિકામાં મોતનો આંકડો સતત વધી રહ્યો છે. ગંભીર કેસોની સંખ્યા વધીને ૧૫૨૨૬ ઉપર પહોંચી ચુકી છે.

## હવે ખાડીના દેશોએ ભારત પાસે ચીજવસ્તુઓ-તબીબી સહાય માંગી

**દવાઓ નહીં પરંતુ ચીજવસ્તુ મોકલવા અનુરોધ : કવૈત, ઓમાન, બહેરીન અને સાઉદી અરબ સહિત અનેક દેશોએ તબીબ અને નર્સની ટીમ મોકલવાની અપીલ કરી**

નવી દિલ્હી, તા. ૧

ભારત અને ખાડી દેશો વચ્ચે મિત્રતાપૂર્ણ સંબંધો આજે પણ યથાવત છે. જેનું તાજું ઉદાહરણ આપતા વિદેશ મંત્રાલયે કહ્યું કે કોરોના વાયરસ સામેની જંગમાં કુવૈત, ઓમાન, બહેરીન અને સાઉદી અરબ સહિત અનેક દેશોએ ડોક્ટર અને નર્સોની ટીમ મોકલવાની અપીલ કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું કે ખાડી દેશોના ભારત સાથેના સારા સંબંધોનું મહત્વ છે અને તેઓ મહામારી કોવિડ ૧૯ બાદ અર્થવ્યવસ્થામાં સુધારને લઈને પ્રમુખતાથી વાત કરવા માંગે છે. તેમણે વધુમાં કહ્યું કે ભારત તરફથી આ દેશોને રમઝાનના મહિનામાં પૂરતી ખાદ્ય સામગ્રીની આપૂર્તિ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. આ તમામ દેશોના ટોચના નેતાઓએ ત્યાં રહેતા તમામ ભારતીયોને દરેક શક્ય મદદ કરવાની વાત કરી છે. આ ઉપરાંત ભારત આ દેશોમાંથી ભારતીય નાગરિકોને પાછા લાવવાની તૈયારીમાં પણ લાગેલુ છે. વિદેશ મંત્રાલયના જણાવ્યાં મુજબ પીએમ મોદી અને વિદેશ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના વાઈરસ વુહાન લેબમાંથી પેદા થયો એનો મારી પાસે પુરાવો છેઃ ટ્રમ્પ

**વિશ્વ આરોગ્ય સંસ્થા ચીનની પીઆર એજન્સી સમાન છે : ટ્રમ્પે ચીનને નવા ટેરિફ અંગે પણ ચેતવણી આપી**

વોશિંગ્ટન ,તા.૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કોરોના વાયરસ મામલે ચીન અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે ગુરૂવારના રોજ વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતી વખતે વિશ્વ આરોગ્ય સંસ્થા પર પ્રહાર કરતા કહ્યું



કે વિશ્વ આરોગ્ય સંસ્થાને શરમ આવવી જોઈએ કારણ કે તે ચીન માટે પબ્લિક રિલેશન એજન્સીની જેવું કામ કરે છે. ટ્રમ્પે આ ઉપરાંત ચીનને નવા ટેરિફ અંગે પણ ચેતવણી આપી છે. અમેરિકી રાષ્ટ્રપતિએ દાવો કરતા કહ્યું કે તેમણે વુહાનની લેબમાં કોરોના વાયરસ સાથે સંકળાયેલા પુરાવાઓ જોયા છે.

ડોનાલ્ડ ટ્રમ્પને જ્યારે પુછવામાં આવ્યું કે, શું તેમણે એવું કંઈ જોયું છે કે જેનાથી એવી ખબર પડી શકે કે ચીનના વુહાનમાં ઈન્સ્ટીટ્યૂટ ઓફ વાયરોલોજીમાંથી કોરોના વાયરસ ઉદ્ભવ્યો છે. તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, વિશ્વ આરોગ્ય સંસ્થાને શરમ આવવી જોઈએ, કારણ કે ચીન માટે તે એક પબ્લિક રિલેશન એજન્સીની જેવું જકામ કરી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

### ચેતવતા રહ્યા અને અમેરિકાએ અવગણના કરી : ચીનનો દાવો

**ફ્રાન્સ સ્થિત ચીન એમ્બેસીએ વિડિયો જારી કરીને વાયરસ પર ટાઈમલાઇન આપી : માહિતી યોગ્ય સમયે આપી હતી**




વોશિંગ્ટન, તા. ૧

કોરોનાવાઈરસના સંક્રમણ બાબતે અમેરિકા તરફથી સતત લગાવવામાં આવી રહેલા આરોપો બાદ ચીને એક વીડિયો બહાર પાડ્યો છે. આ વીડિયોમાં સંદેશ આપવામાં આવ્યો છે કે ચીન સતત વાઈરસને લઈને ચેતવણી આપતું રહ્યું છે, જ્યારે અમેરિકા તેની અવગણના કરતુ આવ્યું છે. ફ્રાન્સમાં ચીનની એમ્બેસીએ ટ્વિટર પર અનિમેટેડ વીડિયો પોસ્ટ કર્યો છે અને તેનું ટાઈટલ આપવામાં આવ્યું છે 'વન્સ અપોન અ વાઈરસ'. આ વીડિયોમાં વાઈરસની ટાઈમલાઈન દર્શાવવામાં આવી છે. વીડિયોમાં કાર્ટુન દ્વારા દર્શાવવામાં આવ્યું છે કે ચીન વાઈરસને લઈને સતત વિશ્વને માહિતગાર કરતું રહ્યું છે. જોકે અમેરિકા સાવધાની રાખવાની જગ્યાએ ચીન પર આરોપ જ લગાવતું રહ્યું છે. એક મિનિટ અને ૩૯ સેકન્ડના વીડિયોમાં

● અનુસંધાન પાન-૭ પર